## છોડી કે'દાડાનું પયણું પયણું

(ફિલ્મઃ  ઉપર ગગન વિશાળ)

છોડી કે'દાડાનું પયણું પયણું કરતી'તી છોડી...
મારી ભાગોળે ભટકાતી'તી - છોડી...
અલ્યા ઘડો પાણી ભરી આલ,
તરસે મરીએ છીએ - છોડી...
મનના ઓરતા પૂરા થયા આજ આંગણે આવ્યું ટાણું
અલ્યા છોકરો કંઇનો ને છોકરી કંઇની આંધળે બે'રૂં કુટાણું
ચાલવામાં લંગડી બોલવામાં બોબડી, કાયા છે ભેંસનો ભાર.
છોડી કે'દાડાનું પયણું પયણું કરતી'તી
છોરો કે'દાડાનું પયણું પયણું કરતો'તો.
મારી મોજડીએ ચગદાતો'તો...
અલ્યા પાણી હોય તો સામે આવ શાને ફફડે છે,
છોરો કે'દાડાનું પયણું પયણું કરતો'તો;
મારી મોજડીએ ચગદાતો'તો...
ઘરમાં ખાવા ધાન નહીં ને ઉપરથી ચાવે છે પાન,
સાજન માજનમાં કુતરા કબુતરા, પાછી લઈ જા તારી જાન,
અલ્યા પાછી લઈ જા તારી જાન,
બુદ્ધિનો બુઠ્ઠો ને બોલવામાં જુઠ્ઠો, જોયો મોટો ભરથાર.
અરે જોયો મોટો ભરથાર.
છોરો કે'દાડાનું પયણું પયણું કરતો'તો,
મારી મોજડીએ ચગદાતો'તો.
છોડી કે'દાડાનું પયણું પયણું કરતી'તી
મારી ભાગોળે ભટકાતી'તી.

------